આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

પૈસાનું જીવનમાં વધુ પડતું મહત્ત્વ, જીવનમાં વિકૃતિઓ પેદા કરે છે
- પૂ. મોટા

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૦ | ૨૧ માર્ચ, ૨૦૧૩, ગુરૂવાર; ફાગણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સફાઈના મુદ્દે કાઉન્સીલરો અને તંત્ર આમને-સામને

સફાઈની કામગીરી સાથે સંકળાયેલ પાંચેય એજન્સીઓને નોટીસ ફટકારાઈ છે અને ૩૦ ટકા બિલનું ચુકવણુ સ્થગિત કરાયું છે : તંત્ર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાએ સફાઈના મુદ્દે આઉટસોર્સીંગથી કામ કરતી પાંચેય સંસ્થાઓને નોટીસો પાઠવી છે અને આ કામગીરીમાં ઉદાસીનતા દાખવનાર એક પણ એજન્સીને બક્ષવામાં આવશે નહિ તેમ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ આજે સામાન્ય સભામાં સફાઈના મુદ્દે સભ્યોના આક્રોશને ઠંડો પાડતાં જણાવ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં બધાજ સભ્યોએ સફાઈના મુદ્દે તંત્રની ઉદાસીનતા અંગે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

ભાજપના શ્રી શંકરભાઈ ચૌધરીએ આ મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે પશ્ચિમ ભાગમાં સફાઈની કામગીરી સંભાળતી એજન્સી કાઉન્સીલરોની રજુઆત સાંભળતી નથી અને સફાઈની બાબતમાં બેદરકારી અંગે સંખ્યાબંધ રજુઆતો અમને મળી રહી છે. તેમણે એજન્સીને તાકીદે બ્લેકલીસ્ટ કરવાની માંગણી કરી હતી.

કોંગીના શ્રી ચિમનભાઈ વિંઝુડાએ પણ શંકરભાઈની રજુઆતના સમર્થનમાં જણાવ્યું હતું કે આ વાત સાથે અમારા કાઉન્સીલરો રજુઆત કરી કરીને થાકી ગયા છીએ હવે તો હદ થાય છે. તેમણે જણાવ્યું હતું કે તંત્ર દ્વારા અમને પણ સંતોષકારક પ્રત્યુત્તર મળતા નથી કે એજન્સી અમારી વાત સાંભળતી નથી. આ મુદ્દે તંત્રએ કડક વલણ અખત્યાર કરવા સિવાય હવે કોઈ વિકલ્પ રહેતો નથી.

સફાઈની એજન્સી સાથે ભાજપના કાઉન્સિલર જોડાયા હોવાની વાતને લઈ સભામાં હો-હા મચી જતાં સભા પૂર્ણ થયેલી જાહેર કરતા મેયર

ભાજપના શ્રી આશિષ દવેએ પણ સફાઈના મુદ્દે રજુઆત કરતાં જણાવ્યું હતું કે કન્ટેઈનરો નિયમિત ઉપડતા નથી અને કચરો જાહેરમાં બાળી દેવાની ફરિયાદો નિત્યક્રમ બની રહી છે.

સભ્યોની આ વાત પછી નાયબ મ્યુનિ. કમિશનર ડૉ. પાટડિયાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે મળેલી ફરિયાદોને આધારે આ કામગીરી સાથે સંકળાયેલ પાંચેય એજન્સીઓને નોટીસ આપવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે પશ્ચિમ વિભાગમાં માર્ગોની સફાઈની કામગીરી સંભાળતી વિકાસ એન્ટરપ્રાઈઝ એજન્સીને ૮મી માર્ચે નોટીસ આપી કેમ બ્લેકલીસ્ટ ન કરવી તેવો ખુલાસો માંગવામાં આવ્યો છે એટલું જ નહિ તેની કામગીરીના ૩૦ ટકા બિલોની ચુકવણી પણ સ્થગિત કરી દેવામાં આવી છે.

જો કે સભ્યોએ એજન્સીઓ સામે સખ્ત હાથે કામગીરી હાથ ધરવી જોઈએ તેવી ઉગ્ર રજુઆત થતાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ સભ્યોના આક્રોશને ઠંડો પાડતાં જણાવ્યું હતુ કે કામગીરીમાં બેદરકારી દાખવનાર કોઈપણ એજન્સીને છાવરવામાં આવશે નહિ.

સફાઈના મુદ્દે ભાજપના સભ્યોએ માત્ર પશ્ચિમ વિભાગની સફાઈનો મુદ્દો રજુ કરી નગરને અન્યાય થયો હોવાની વાત ઉભી કરી સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે એવો આક્ષેપ કર્યો હતો કે અન્ય એજન્સી જે બીજી વિસ્તારની કામગીરી સંભાળે છે તેમાં ભાજપના કાઉન્સીલરના ભાઈનો ભાગ છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

લિક્વીફાઈડ નેચરલ ગેસ અંગે વેચાણ- ખરીદીના કરાર કરાયા

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને બ્રિટનના વિદેશમંત્રી હ્યુગો સ્વાયરની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગરમાં ગુજરાત સરકારના જાહેર સાહસ-ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન અને બ્રિટીશ ગેસ કંપની વચ્ચે લિક્વીફાઈડ નેચરલ ગેસ અંગે લાંબાગાળાના વેચાણ અને ખરીદીના કરાર સંપન્ન થયા હતા. ગુજરાત અને બ્રિટન વચ્ચે પરસ્પર સહભાગીતાના વિસ્તૃત ફલક પર વિકસી રહેલા સંબંધોના સંદર્ભમાં પેટ્રોલિયમ એનર્જીના ક્ષેત્રમાં આજે થયેલા આ કરાર ઐતિહાસિક સીમાચિન્હ બની રહેશે એટલં જ નહીં, ગુજરાત અને બ્રિટન વચ્ચેના સંબંધો ફાસ્ટ ટ્રેક ઉપર પહોંચી ગયા છે અને બંને વચ્ચે સહભાગીતાનું ફલક વિકસાવવામાં પ્રેરક બનશે એમ મુખ્યમંત્રીએ હ્યુગો સ્વાયરને આ પ્રસંગે આવકારતા જણાવ્યું હતુ. બ્રિટનના ફોરેન અને કોમનવેલ્થના મિનિસ્ટર ઓફ સ્ટેટ હ્યુગો સ્વાયરે ગુજરાત અને બ્રિટન વચ્ચે વિકસી રહેલા સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જવાની તત્પરતા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ બ્રિટીશ વિદેશ મંત્રી હ્યુગો સ્વાયર અને બ્રિટીશ હાઈકમિશનર જેમ્સ બેવનના નેતૃત્વમાં આવેલ બ્રિટીશ ડેલીગેશનને હાર્દિક આવકાર આપતા બ્રિટન સાથેના ગુજરાતના સંબંધોને ચિરંજીવ ગણાવ્યા હતા.

(અનુસંધાન પાના નં. ૭ પર)



વિશ્વ વન દિન - આજે વિશ્વ વન દિન ઉજવાઈ રહ્યો છે. વનના રક્ષણ માટે અને સંવર્ધન માટે સમાજ અને સરકાર પ્રતિબદ્ધતા વ્યક્ત કરે એ સમયની માંગ છે અને માત્ર વિધાનમાં નહિ વર્તનમાં પણ .... આચાર નહિ આચરણમાં વન વિસ્તારીએ.... આપણે એટલા ચતુર છીએ કે, વૃક્ષ કાપી કાગળ બનાવીએ છીએ અને એ કાગળમાં લખીએ છીએ વૃક્ષ બચાવો...

કોંગી સભ્યોના માસ્ક કેટરીંગના છે ! : કાર્તિક પટેલ

મારા વોર્ડમાંથી દર્દી મળ્યા છે અને મેયરને ચેપ ના લાગે એટલે પહેર્યા છે : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં કોંગ્રેસના કાઉન્સીલરો મોં પર માસ્ક બાંધીને આવ્યા હતા.

ભાજપના શ્રી કાર્તિક પટેલે આ માસ્ક ડાઈનીંગ ઈન્ડસ્ટ્રીઝના હોવાનું જણાવ્યું તો ભાજપના શ્રી આશિષ દવેએ ખોટા દેખાવો કરવાની જરૂર નથી તેમ જણાવ્યું હતું. આ વાત સાંભળતા જ કોંગ્રેસના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે તેમના વોર્ડમાંથી ૩ દર્દીઓ સ્વાઈન ફ્લુના મળ્યા છે અને મેયરને ચેપ ના લાગે એટલે અમે માસ્ક પહેરીને આવ્યા છીએ.

શ્રી પ્રવિણ પટેલે મેયરને પણ એવી ટકોર કરી હતી કે વિકાસની વાત સમજી તમે ત્યાં ગયા છો તો ફરજો - કાર્યો અને સત્તા સોંપણીની વાત કરવાની ભૂલી ના જતા અમે તો ફરજ બરાબર નિભાવી રહ્યા છીએ !!!

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે વિકાસની વાત મારા મુખે નહિ છાપાં વાંચી લો પછી ખબર પડશે કે વિકાસ કેટલો થઈ રહ્યો છે. પાટનગર વાયબ્રન્ટ છે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તરફ બ્રિટીશ સરકાર હવે આકર્ષિત થઈ રહી છે. જેના ભાગરૂપે બ્રિટીશ વિદેશમંત્રી પાટનગર ગાંધીનગરમાં મોદીને મળ્યા હતા.

સ્વાઈન ફ્લુથી વધુ એકનું મોત

સે-૨૪માંથી ૯ વર્ષના બાળકને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં ગાંધીનગર સિવિલમાં સારવાર માટે દાખલ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુથી આજે વધુ એક વ્યક્તીનું મોત થતાં આ રોગથી મૃત્યુ પામનારાઓની સંખ્યા પાંચ પર પહોંચી છે જ્યારે આજે વધુ એક કેસ સ્વાઈન ફ્લુ પોઝીટીવનો મળી આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આજે તંત્રને બે પોઝીટીવ કેસ મળ્યા હતા પરંતુ એક દર્દીનું સારવાર દરમ્યાન અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયું છે. આ દર્દી ગાંધીનગર નજીક આવેલ વાવોલ ગામનો રહીશ છે.

મળતી વિગતોપ્રમાણે ૪૭ વર્ષની આયુ ધરાવતો આ દર્દી અમદાવાદ સિવિલમાં સારવાર હેઠળ હતો. જો કે તંત્રને આ દર્દી વિશે મોડી જાણ થઈ હોવાનું પણ બહાર ચર્ચાઈ રહ્યું છે.

દરમ્યાન આજે સે. ૨૪માંથી વધુ એક સ્વાઈન ફ્લુ પોઝીટીવનો દર્દી મળી આવ્યો છે. આ દર્દીની ઉંમર માત્ર ૯ વર્ષની છે અને તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેની તબિયત સારી હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ સે. ૨૨માંથી બે અને સે. ૧૩માંથી મળી આવેલા સ્વાઈન ફ્લુના દર્દીઓને લઈ આજે આરોગ્ય તંત્રએ સર્વેલન્સ હાથ ધર્યુ હતું. આ સર્વેલન્સ દરમ્યાન તંત્રને બેવડી ઋતુને કારણે શરદીના અને કફના દર્દીઓ મળ્યા હતા. જો કે તંત્ર દ્વારા હવે સઘન સર્વેલન્સ માટેની વ્યુહરચના પણ અલગથી તૈયાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી છુટા-છવાયા સ્વાઈન ફ્લુના જે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં રોજેરોજ વધારો થઈ રહ્યો છે. દિવસે ગરમી અને રાત્રે ભેજનું પ્રમાણને લઈ વાતાવરણમાં પ્રવર્તતી વિસંગતતાઓ વધુ જવાબદાર હોવાનું તંત્રના અધિકારીઓનું માનવું છે.

ચાલુ સિઝનમાં સ્વાઈન ફ્લુ પોઝીટીવના ૨૨ દર્દીઓ નોંધાયા છે અને તેમાં સૌથી વધુ ગાંધીનગર શહેર અને તાલુકામાં દર્દીઓ મળી રહ્યા છે જેને લઈ તંત્રમાં દોડધામ વધી જવા પામી છે. ગાંધીનગર સિવિલમાં આ રોગને લઈ ખાસ આઈસોલેશન વોર્ડ પણ ઉભો કરવામાં આવ્યો છે જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં અત્યાર સુધી નોંધાયેલા પાંચ મૃત્યુમાં ૪ મહિલા દર્દી અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. જે પાંચ દર્દીના મોત થયા છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૩, કલોલમાં અને માણસામાં એક-એક દર્દીનું મોત નીપજ્યું છે.

સ્વાઈન ફ્લુના મુદ્દે કોંગ્રેસનો સભાત્યાગ

ગૃહમાં દેખાવ કરતા કોંગ્રેસના સભ્યોને ગૃહમાંથી હાંકી કાઢવાની દરખાસ્ત મુકાય તે પહેલા કોંગ્રેસનો સભાત્યાગ

અમદાવાદ, તા.૨૦

ગુજરાત વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના સભ્યોએ આજે પણ સ્વાઈન ફ્લુના રોગચાળા અંગે રાજ્ય સરકારના વલણ સામે ખૂબજ આકરું વલણ અપનાવ્યું હતુ. આ મુદ્દે કોંગ્રેસના સભ્યો મોઢા પર માસ્ક પહેરી ગૃહમાં હાજર થતા અધ્યક્ષ વજુભાઈવાળાએ કોંગ્રેસના તમામ સભ્યોને ગૃહમાં કોઈ પણ પ્રકારના દેખાવ કે પ્રદર્શન થઈ શકે નહીં તેવી કડક તાકીદ કરી મોઢા પરથી માસ્ક કાઢી નાંખવાની સૂચના આપી હતી. પરંતુ કોંગ્રસના સભ્યોએ માસ્ક દૂર નહિ કરતા આ સભ્યોને સભાગૃહમાંથી બહાર કાઢવા નાણાંમંત્રી નીતિન પટેલે રજુ કરેલી દરખાસ્ત પર અધ્યક્ષ મતદાન કરાવે તે પહેલા કોંગ્રેસના સભ્યોએ આજે સતત બીજા દિવસે પણ સ્વાઈન ફ્લુના મુદ્દે સભાગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. રાજ્યમાં ફેલાયેલા સ્વાઈન ફ્લુના રોગચાળામાં દર્દીઓના વધતા જતા મૃત્યુઆંકથી કોંગ્રેસના સભ્યોને આનંદ થાય છે તેવા આરોગ્યમંત્રી નીતિન પટેલના ઉચ્ચારણસામે સખત વિરોધ કરી ગઈકાલે મંગળવારે ગૃહમાંથી વૉકઆઉટ કર્યા બાદ કોંગ્રેસના સભ્યોએ આજે પણ તેમનો વિરોધ જારી રાખ્યો હતો. આજે વિધાનસભા ગૃહમાં મોઢા પર મેડિકલ માસ્ક પહેરીને આવેલા કોંગ્રેસના તમામ સભ્યોને માસ્ક દૂર કરવા અધ્યક્ષ વજુભાઈવાળાએ કડકા તાકીદ કરી હતી. વિધાનસભા વિરોધપક્ષનાનેતા

કોંગ્રેસી સભ્યો મોઢા પર માસ્ક પહેરીને ગૃહમાં આવ્યા

શંકરસિંહ વાઘેલા તથા દંડક બળવંતસિંહ રાજપૂતે આ મુદ્દે બોલવા ઉભા તયા ત્યારે અધ્યક્ષેતેમને પણ કડક તાકીત કરી માસ્ક ઉતારીને બોલવા જણાવ્યું હતુ છેવટે શંકરસિંહ વાઘેલાએ માસ્ક ઉતારીને સ્વાઈન ફ્લૂના મુદ્દે ચર્ચા કરવાનો પ્રયાસ કર્યો ત્યારે અધ્યક્ષે તેમને તુરંત જ બોલતા અટકાવ્યા હતા અને કહ્યુ કે સ્વાઈન ફ્લુની ચર્ચા માટે તમારી નિયમ ૧૧૬ મુજબની નોટિસનો મે સ્વીકાર કર્યો છે ત્યારે પ્રશ્નોત્તરી કાળમાં આ મુદ્દે ચર્ચા થઈ શકે નહીં. આ દરમિયાન આરોગ્યમંત્રી નીતિન પટેલે વિધાનસભાના નિયમ મુજબ ગૃહમાં દેખાવ કે પ્રદર્શન કરી શકાય નહીં તેવા મુદ્દે ઉપસ્થિત કરી ઉધ્યક્ષને વિનંતી કરી હતી કે કોંગ્રેસના સભ્યોને માસ્ક ઉતારવાની તેઓ સૂચના આપે અને સૂચના છતાં તેઓ માસ્ક ઉતારતા ન હોય તો તેની સામે કડક કાર્યવાહી કરવાની દરખાસ્ત રજુ કરી હતી. જેને ભાજપના દંડક પંકજ દેસાઈએ ટેકો આપ્યો હતો.

વિધાનસભા ગૃહમાં આ મુદ્દે સર્જાયેલી ભારે ઉત્તેજના વચ્ચે અધ્યક્ષે કોંગ્રેસના સભ્યોને અંતિમ ચેતવણી આપતા કહ્યુ કે તમે માસ્ક ઉતારો અથવા હું નીતિન પટેલની દરખાસ્ત મતદાન માટે રજુ કરુ. અધ્યક્ષ વજુભાઈ વાળાની આ કડક તાકીદ છતાં કોંગ્રેસના સભ્યોએ માસ્ક ઉતાર્ય ન હતા અને નીતિન પટેલની દરખાસ્ત મતદાન માટે રજુ થાય તે પહેલા જ કોંગ્રેસના તમામ સભ્યોએ ગૃહમાંથી વૉક આઉટ કર્યો હતો અને ગૃહની બહાર ભાજપ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

મહાનગરનો માહોલ..... ગાંધીનગરને મહાનગર જાહેર કરાયા પછી તેના મોભામાં ખાસો એવો ફેરફાર થઈ રહ્યો છે. ટ્રાફીક વધીને ત્રણ ગણો થયો છે. જયાં સમ ખાવાની ગાડીઓ હતી એ નગરમાં હવે ટ્રાફીક નિયમન માટે ટ્રાફીક સિગ્નલ લગાવાયા છે. આજથી ટ્રાફીક સિગ્નલ કાર્યાન્વિત પણ થયા છે. હજુ નગરના નાગરિકોને ટ્રાફીક સિગ્નલો અંગે ટેવાતા એકાદ બે અઠવાડિયા લાગશે પરંતુ મહાનગરનો માહોલ હવે અનુભવાય છે. (તસવીર : દિપક જાની)

Required
CCTV, EPBAX System
To install CCTV camera and EPBAX system for 128 flat. Contact Radhe Society, near Kudasan, Gandhinagar
9924210591, 9662534028

IIT easy
CRASH COURSE FOR JEE-MAIN'2013

Required
24 hour security for reputed society near Kudasan. Interested registered security agencies may contact
9924210591, 9662534028

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ
સેક્ટર-૨૧, ગાંધીનગર
પ્રવેશ ચાલુ છે
માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે ધોરણ-૮ ગુજરાતી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક બાળકોના વાલીઓએ તા. ૮-૪-૨૦૧૩, સોમવારે સવારે ૮-૩૦ કલાકે અરજી ફોર્મ ભરવાના રહેશે.